# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-05-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## P.M ગાંધીનગર:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'આતંકી પ્રવૃત્તિઓ હવે પ્રૉક્સી વૉર નહીં, પણ આયોજનબદ્ધ વ્યૂહરચના છે. તેથી તેનો જવાબ પણ એ જ રીતે અપાશે. ભારતે આતંકવાદને નેસ્તનાબૂદ કરવાનો નિર્ણય કર્યો છે.**

**ગાંધીનગરમાં શહેરી વિકાસ વર્ષના 20 વર્ષની ઉજવણીના સમારોહનો ગઈકાલે પ્રારંભ કરાવતા શ્રી મોદીએ કહ્યું, 'ઑપરેશન સિંદૂર અંતર્ગત માત્ર 22 મિનિટમાં જ પાકિસ્તાનના નવ આતંકી ઠેકાણા ધ્વસ્ત કરાયા હતા.**

**શ્રી મોદીએ જણાવ્યું, રાજ્ય સરકારે શહેરી વિકાસ વર્ષની ઉજવણીથી આવનારી પેઢી માટેની વ્યૂહરચના તૈયાર કરી છે. પ્રધાનમંત્રીએ વર્ષ 2035માં ગુજરાતની સ્થાપનાના 75 વર્ષ પૂર્ણ થશે તેની વ્યૂહરચના અત્યારથી તૈયાર કરવા પણ જણાવ્યું હતું.**

**આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતેથી '20 વર્ષ શહેરી વિકાસના' કાર્યક્રમ અંતર્ગત પાંચ હજાર 536 કરોડ રૂપિયાના વિવિધ 27 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યું હતું.**

----------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ-પદ્મ પુરસ્કારો:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત બીજા નાગરિક સન્માન સમારોહમાં વર્ષ 2025 માટે 68 પ્રતિષ્ઠિત હસ્તીઓને પદ્મ પુરસ્કારો એનાયત કર્યા હતા.

તેમાંથી ત્રણને પદ્મ વિભૂષણ, 9ને પદ્મ ભૂષણ અને 56 હસ્તીઓને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

---

## ભારતીય પ્રતિનિધિ મંડળ:

ભારતે વિવિધ દેશોની મુલાકાત લઈને આતંકવાદને પાકિસ્તાનના સમર્થનનો ખુલાસો કરવાનું ચાલુ રાખ્યું છે. JDUના સાંસદ સંજય ઝાના નેતૃત્વમાં એક સર્વપક્ષીય ભારતીય પ્રતિનિધિમંડળે સિંગાપોરના વિદેશ મંત્રી, સાંસદોના જૂથ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિમંડળો અને વ્યાપારી નેતાઓ સાથે વાતચીત કરી હતી. જૂથે પુનરોચ્ચાર કર્યો કે ભારત એક શાંતિપ્રિય રાષ્ટ્ર છે અને પાકિસ્તાન તરફથી કોઈપણ આતંકવાદી કૃત્યને યુદ્ધનું કૃત્ય ગણવામાં આવશે.

---

## આવકવેરા રિટર્ન ફાઈલ :

આવકવેરા રિટર્ન ફાઇલ કરનારા લોકો માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી)એ નાણાકીય વર્ષ 2024-25 માટે આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની તારીખ 15 સપ્ટેમ્બર સુધી લંબાવી છે. અગાઉ આઈટીઆર ફાઇલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ હતી. આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે, આ વિસ્તરણ કરદાતાઓને આઈટીઆર ફોર્મ, સિસ્ટમ ડેવલપમેન્ટ આવશ્યકતાઓ અને ટીડીએસ  ક્રેડિટમાં જરૂરી ફેરફારોને કારણે વધુ સમય આપશે.

---

## કોરોનાના કેસ:

**રાજ્યમાં કોરોનાના કેસને લઈ આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. ત્યારે અમદાવાદમાં ગત 24 કલાકમાં કોરોનાના 17 કેસ નોંધાયા છે.**

**બીજી તરફ જામનગરમાં ગત 24 કલાકમાં એક જ પરિવારના ચાર સહિત સાત નવા કેસ નોંધાયા છે.**

**તો કચ્છમાં પણ કોરોનાએ પુન: દસ્તક દેતા ઉચાટ ફેલાયો છે. ભુજમાં 2 અને ગાંધીધામમાં 1 મળી કુલ 3 વ્યક્તિઓ કોરોના સંક્રમિત થતાં આરોગ્યતંત્ર પણ હરકતમાં આવ્યુ છે. આ તમામને હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. આરોગ્ય તંત્રએ લોકોને કોઈ ખોટા ગભરાટમાં આવ્યા વગર આવશ્યક તકેદારીનાં પગલાં ભરવા સુચન કર્યું છે.**

---

## હવામાન/વરસાદની આગાહી:

**કચ્છમાં ધુપછાંવ ભર્યા વાતાવરણ વચ્ચે ઉકળાટનું પ્રમાણ વધ્યુ હતું. રાજ્યમાં ડીસા પછી અંજાર, ગાંધીધામમાં મહત્તમ પારો 40.6 ડિગ્રી રહેતા સર્વાધિક ગરમી અનુભવાઈ હતી. તો ભુજમાં મહત્તમ પારો 39.7 ડિગ્રીએ પહોંચ્યો હતો.**

**દરમ્યાન હવામાન ખાતાએ આગામી બે જૂન સુધી રાજ્ય પર ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય બનતાં મધ્યમથી ભારે કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું, આ સમયગાળા સુધી માછીમારોને દરિયા ન ખેડવા સૂચના અપાઈ છે. બીજી તરફ આજે રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની તેમજ કેટલીક જગ્યાએ વાવાઝોડા સાથે 40 થી 50 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.**

---

## IPL-ક્રિકેટ:

IPLમાં ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ લખનઉ સુપર જાયન્ટ્સને 6 વિકેટે હરાવી ક્વોલિફાયર-1માં સ્થાન મેળવ્યું છે. આ જીત સાથે રોયલ ચેલેન્જર્સએ ચાલુ સિઝનના પોઇન્ટ્સ ટેબલમાં બીજું સ્થાન હાંસલ કર્યું છે. હવે ટીમ 29 મેના રોજ પંજાબ કિંગ્સ સામે ક્વોલિફાયર-1 રમશે. તો ગુજરાત 30 મેના રોજ મુંબઈ સામે એલિમિનેટર રમશે.

---

# કોલી વાસમાં સ્વ.નહેરૂને શ્રધ્ધાંજલિ:

ભારતના પ્રથમ પ્રધાનમંત્રી સ્વ. જવાહરલાલ નહેરૂને તેમની 61મી પુણ્યતિથી પ્રસંગે તેમણે સ્થાપેલી સંસ્થા ભારત સેવક સમાજ દ્વારા તેમને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ભુજ રેલવે સ્ટેશન પાસે આવેલા કોલીવાસમાં સંસ્થાની કચ્છ જીલ્લા શાખા દ્વારા યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્વ. જવાહરલાલ નહેરૂના જીવન અને કાર્યોને યાદ કરીને તેનું અનુકરણ કરવા કોલીવાસના બાળકોને અનુરોધ કરવામાં આવ્યો હતો.

---